મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

G NEWS ગરવી તાકાત LIVE

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૨૦-૦૩-૨૦૨૫ ગુરૂવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૩૪૬

પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

### સ્કુલોમાં ૧૬ વર્ષથી નીચેના વયનાં બાળકો દ્વારા વાહન ચલાવતા હોય એવા અન્ડરએજ ડ્રાઈવિંગનાં કિસ્સાઓમાં આકસ્મિક તપાસ

## મહેસાણા આરટીઓની લાયસન્સ વિના વાહન ચાલાવતાં બાળકો માટે સ્પેશિયલ ડ્રાઈવ : ૨૬ કેસમાં રૂા.૨.૩૩ લાખનો દંડ કરાયો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

મહેસાણા શહેરમાં ઈ્ અને પોલીસની ૪ ટીમો દ્વારા અન્ડરએજ ડ્રાઈવિંગ વિરુદ્ધ વિશેષ કાર્યવાહી હાથ ધરવામાં આવી. સાર્વજનિક સંકુલ, આર.જે. ઈન્ટરનેશનલ, નાલંદા હાઈસ્કુલ, વર્ધમાન હાઈસ્કૂલ સહિતની શાળાઓમાં આકસ્મિક તપાસ કરવામાં આવી હતી.

૧૬ વર્ષથી નાની ઉંમરના બાળકો દ્વારા વાહન ચલાવવાના કિસ્સાઓમાં વધારો થતાં આ કાર્યવાહી કરવામાં આવી. તપાસ દરમિયાન ૨૬ અન્ડરએજ ડ્રાઈવિંગના કેસો અને ૩૩ લાઈસન્સ વગર વાહન ચલાવતા બાળકો પકડાયા હતા. કુલ ૨.૩૩ લાખનો દંડ વસૂલવામાં આવ્યો અને વાહનો જપ્ત કરવામાં આવ્યાં હતા.

આજરોજ તા.૧૯/૦૩/૨૦૨૫ નાં રોજ સવારે ૭:૦૦ કલાકે રોડ સેફટી કમિશનરના માર્ગદર્શન હેઠળ મહેસાણા શહેરનાં અલગ-અલગ સ્કુલોમાં ૧૬ વર્ષથી નીચેના વયનાં બાળકો દ્વારા વાહન ચલાવતા હોય એવા અન્ડરએજ ડ્રાઈવિંગનાં કિસ્સાઓ સામે RTO અને પોલીસની ૪ ટીમો દ્વારા આકસ્મિક તપાસ કરી કડક કાર્યવાહી કરવામાં આવી. જેમાં સાર્વજનિક સંકુલ, આર. જે. ઈન્ટરનેશનલ, નાલંદા હાઈસ્કુલ, વર્ધમાન હાઈસ્કૂલ અને અન્ય શાળાઓમાં ચેકીંગ હાથ ધરાયુ.





શહેરમાં નાની ઉંમરના બાળકો દ્વારા વાહનો ચલાવાતાં હોઈ તેઓની સુરક્ષા જોખમાતી હોઈ રોડ સેફટીનાં અનુસંધાને અન્ડરએજ ડ્રાયવિંગ અને લાઈસન્સ વિના વાહન ચલાવતાં બાળકો માટે સ્પેશિયલ ડ્રાઈવ યોજાઈ. જેમાં ૨૬ જેટલાં અન્ડરએજ ડ્રાઈવિંગનાં કેસો કરાયાં અને ૩૩ કેસોમાં લાઈસન્સ વિના વાહન ચલાવતાં બાળકો પકડાયાં. જેમાં અધધધ કુલ ૨.૩૩ લાખનો દંડ કરાયો સાથે વાહનો ડિટેન કરી કાર્યવાહી હાથ ધરાઈ તેમજ બેજવાબદાર વાલીઓ પર પણ FIR નોંધવાની કાર્યવાહી પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવનાર છે.

ઉલ્લેખનીય છે કે નાની વયે વાહન ચલાવતાં બાળકો ટ્રાફિકનાં નિયમો પણ જાણતાં હોતા નથી અને પોતાના અને બીજાના જીવનની સલામતી પ્રત્યેની ગંભીરતા અને સભાનતા ઓછી હોઈ તેઓને લાઈસન્સ ૧૬ વર્ષની વય બાદ જ ઈસ્યુ કરતાં હોય છે, તેમ છતાં વાલીઓ આવા બાળકોને વાહનની ચાવી આપી દેતા હોય છે. જેથી તે બાળકો અને અન્ય રોડ વપરાશ કરતાં નાગરિકોનાં જીવનને જોખમાવે છે.

વહેલી સવારે આ મુદ્દે થયેલી સ્પેશિયલ ડ્રાઈવથી જિલ્લામાં આવા બેજવાબદાર વાલીઓમાં ફફડાટ ફેલાયો છે. આથી એન્ફોર્સમેન્ટ ડ્રાઈવ અવાર નવાર થતી હોવા છતાં આવા વાલીઓની બેદરકારી ઓછી થતી નથી એ ચિંતાનો વિષય છે. જેથી આવા બેદરકાર અને બેજવાબદાર વાલીઓ ઉપર FIR કરવાની તજવીજ પોલીસ વિભાગે હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે એન્ફોર્સમેન્ટ ડ્રાઈવનાં અંતે સ્કુલમાં બાળકોને ટ્રાફિકનાં નિયમોનું પાલન કરવા અને રોડ સેફટી માર્ગદર્શન આપવા આર.ટી.ઓ. અધિકારીશ્રીઓએ બાળકોનું અને વાલીઓનું કાઉન્સેલીંગ કર્યું હતું. સાથે ઉંમર કરતા વહેલા વાહન ચલાવવા આપવું એ ગર્વ નહીં શરમની વાત છે એ સમજ આપી.

### ૯ મહિના ૧૩ દિવસ બાદ સુનિતા વિલિયમ્સ અંતરિક્ષથી પરત ફર્યા

## સુનિતા વિલિયમ્સની ધરતી ઉપર હેમખેમ વાપસીને લઇ કડી તાલુકાના ઝુલાસણ ગામે દિવાળી જેવો માહોલ સર્જાયો

(ગરવી તાકાત) કડી તા.૧૯

ભારતીય મૂળ ના અમેરિકન અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ ૯ મહિના ૧૩ દિવસ બાદ અવકાશમાંથી પૃથ્વી પર પાછા ફરતા સમગ્ર દેશમાં ખુશી ની લહેર જોવા મળી હતી. જેમાં મહેસાણા જીલ્લા ના કડી તાલુકા માં આવેલ ઝુલાસણ ગામની દીકરી હોવાથી સુનિતા વિલિયમ્સ ના અવકાશમાંથી પાછા ફરવા ના સમાચાર મળતાં ની સાથે સમગ્ર ગામ માં ખુશી જોવા મળી હતી.

ઝુલાસણ ગામ ખાતે આવેલ આરધ્યદેવી દોલા માતાજીના મંદિરે મંગળવારે સવારે સુનિતા વિલિયમ્સ નો ફોટો મૂકી ને પૂજા અર્ચના કરવામાં આવી હતી. તો મંદિર માં ગામલોકો એ ગામની અંદર આવેલ શાળાઓ માં બાળકોએ સુનિતા વિલિયમ્સ અવકાશ માંથી હેમ ખેમ પરત ફર્યા તે માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

સુનિતા વિલિયમ્સ ના આગમનની ખુશીના ના ભાગ રૂપે ગામની અંદર શોભાયાત્રા કાઢી દોલા માતાજીના મંદિર જઈ માતાજી ને સુખડી નો થાળ ધરાવવામાં આવ્યો હતો. કિશોરભાઈ પંડ્યા એ જણાવ્યું હતું કે સુનિતા વિલિયમ્સ અમારા કુટુંબિક બહેન છે.તે બે વખત ઝુલાસણ ગામ આવી ચૂક્યા છે. અને ત્રીજી વખત ધરતી ઉપર આવ્યા પછી ઝુલાસણ ગામની મુલાકત લે તે માટે અમે સૌ ગામ લોકો સ્વાગત કરવા તૈયાર છે. પ્રાથમિક શાળા ના આચાર્ય દ્વારા જાણવા મળ્યું હતું કે ગામની દીકરી ૯ મહિના ૧૩ દિવસ બાદ



(તસ્વીર-અહેવાલ : જૈમિન સથવારા, કડી)

ધરતી ઉપર વાપસી કરી છે તે માટે શાળાના બાળકો રોજ પ્રાર્થના પણ કરતા હતા. અને આજે ઝુલાસણ ગામે આવેલ દોલા માતાજી ના મંદિર ખાતે જે ૯ મહિના થી ચાલી રહેલ જ્યોત નું હાઈસ્કૂલ માંથી વાજતે ગાજતે જાઈ મંદિર માં ચાલી રહેલ જ્યોત સાથે વિલીન કરવામાં આવી હતી. સાથે શાળા ના આચાયશ્રીઓ દ્વારા સુખડી નો થાળ પણ ધરવામાં આવ્યો હતો.

ઝુલાસણ ગામ ખાતે સુનિતા વિલિયમ્સ અવકાશ માંથી પાછા ફરતા ની સાથે સમગ્ર ગામની અંદર એક ખુશી જોવા મળી હતી અને ૯ મહિના ૧૩ દિવસ પછી પૃથ્વી પર પરત આવ્યા હતા. સવારે ૩.૨૭ વાગ્યે ફ્લોરિડા તટ પર લેન્ડ થયું યાન. સ્પેસ સ્ટેશનની પરત આવતા ૧૭ કલાક જેટલો સમય લાગ્યો હતો. અને સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર પણ પરત ફર્યા હતા તથા તેમની સાથે ક્રૂ - ૯ ના બે વધુ અવકાશયાત્રીઓ નિક હેગ અને એલેકઝાન્ડર ગોબુનોવ પણ પરત આવ્યા હતા.

સુનિતા વિલિયમ્સ ની હેમખેમ વાપસી ને પગલે દિવાળી જેવો માહોલ સર્જાયો હતો અને ગામની દીકરીઓ એ ગરબા ગાઈ ખુશી વ્યકત કરી હતી. ગામની દીકરીઓ એ કહ્યું અમે પણ સુનિતા વિલિયમ્સ અમારા આદર્શ ગણીએ છીએ. અમે પણ સુનિતા વિલિયમ્સ ની જેમ અવકાશયાત્રી બનવા માંગીએ છીએ. અને ગામની દીકરીઓ એ સુનિતા વિલિયમ્સ ની વાપસી માટે દોલા માતાજીની માનતા રાખવામાં આવી હતી. અને સમગ્ર ઝુલાસણ ગામ ખાતે અલગ અલગ રીતે ખુશી મનાવી રહ્યા હતા.

### માનસિક દિવ્યાંગ ખેલાડી આશા ઠાકોરે વર્લ્ડ વિન્ટર ગેમ્સ-૨૦૨૫ ફ્લોર બોલ રમતમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો

## આશાબેન ઠાકોરને જનપ્રતિનિધિઓએ આવકાર્યા તેમજ ગ્રામજનોએ વરઘોડો કરીને ઉમળકાભેર સન્માન કર્યુ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

તા. ૦૮ થી ૧૬ માર્ચ ૨૦૨૫ સ્પેશયલ ઓલમ્પિક વર્લ્ડ વિન્ટર ગેમ્સ -૨૦૨૫ તુરીન(ઈટલી) ખાતે યોજાઈ હતી. જેમાં મહેસાણાના માનસિક દિવ્યાંગ ખેલાડી આશા ઠાકોરે તુરીન (ઈટલી) ખાતે યોજાએલ સ્પેશયલ ઓલમ્પિક વર્લ્ડ વિન્ટર ગેમ્સ - ૨૦૨૫ ફ્લોર બોલ રમતમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યોછે .ત્યારબાદ આજરોજ મહેસાણા અને વતન કામલી ખાતે પરત આવેલા ફ્લોર બોલ રમતમાં જિલ્લાનું નામ રોશન કરનારા આશાબેનને જિલ્લાના જનપ્રતિનિધિઓએ સન્માનથી આવકાર્યા હતા .તેમજ ગ્રામજનોએ વરઘોડો કરી ઉમળકાભેર સન્માન કર્યુ હતુ. ગામજનો સહિત ઠાકોર સમાજે તેમનો સન્માન સમારોહ રાખી તેમનું માન વધાર્યું હતુ.

સ્પેશયલ ઓલમ્પિક વર્લ્ડ વિન્ટર ગેમ્સ -૨૦૨૫ તુરીન(ઈટલી)



માં ભારતમાંથી ૩૫ ખેલાડીઓ ભાગ લીધો હતો અને વિશ્વના ૧૦૨ દેશોના ૧૫૦૦ ખેલાડીઓએ જુદી-જુદી રમતોમાં ભાગ લીધો હતો. આ આંતરરાષ્ટ્રીય રમતોત્સવમાં ફ્લોર બોલ રમતમાં ખોડીયાર એજ્યુકેશન ટ્રસ્ટ,મહેસાણાના માર્ગદર્શન હેઠળ માનસિક દિવ્યાંગ ખેલાડી કુ. આશાબેન રામાજી ઠાકોરે ભારત દેશની ટીમમાં પ્રતિનિધિત્વ કરી બ્રોન્ઝ મેડલ મેળવી ભારત , ગુજરાત રાજ્ય, મહેસાણા જીલ્લા, ઉંઝા તાલુકા અને કામલી ગામનું તેમજ સંસ્થાનું નામ રોશન કરેલ છે.

તાત્કાલિક ગેસ્ટ હાઉસ વેચવાનું છે
અતિથિ ગેસ્ટ હાઉસ
ફોરેન જવાનું હોવાથી,
ચાલુ કંડીશનમાં ૧૨ રૂમ,
કિચન, રિસેપ્સન કાઉન્ટર.
નારાયણ પ્લાઝા, સાંઈબાબા મંદિરની સામે, મહેસાણા.
99244 12925

### ગુજરાતમાં ૭૬૧૨ અસામાજીક તત્વોનું લીસ્ટ તૈયાર : પોલીસની તવાઈ શરૂ

## લીસ્ટમાં ૩૨૬૪ બુટલેગર, ૫૧૬ જુગારીઓ, ૯૫૮ મિલકતો-૧૭૯ માઈનીંગ માફીયા

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

અસામાજીક તત્વોના આતંક જેવા કૃત્યોથી કાયદો-વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલ ઉભા થવા લાગતા એકશનમાં આવેલી રાજય સરકારે અસામાજીક-ગુંડાતત્વો પર તવાઈ ઉતારવાનું જાહેર કર્યુ હતુ જે અંતર્ગત સમગ્ર રાજયના આવા ૭૬૧૨ તત્વોનું લીસ્ટ તૈયાર કરાયુ છે.

તેઓના ગેરકાયદે દબાણો, ગેરકાયદે વિજ જોડાણ તથા શંકાસ્પદ-અનઅધિકૃત આર્થિક વ્યવહારો પર આકરી કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. રાજયમાં અસામાજીક-ગુંડા તત્વો સામે કડક એકશન લેવાના આદેશ સાથે રાજયના પોલીસવડાએ ગત સપ્તાહે યોજેલી બેઠકમાં પોલીસ કમિશ્નરો-જીલ્લા પોલીસવડાઓને ૧૦૦ કલાકની મહેતલ આપીને લીસ્ટ તૈયાર કરવા તાકીદ કરી હતી.

જેના ભાગરૂપે સમગ્ર ગુજરાતમાં કુલ ૭૬૧૨ અસામાજીક તત્વોનું લીસ્ટ તૈયાર કરાયુ છે. સૂત્રોના કહેવા પ્રમાણે લીસ્ટમાં ૩૨૬૪ બુટલેગરો ઉપરાંત ૫૧૬ નામચીન જુગારીઓના નામ સામેલ છે. આ સિવાય ૨૦૪૯ શરીર સંબંધી ગુનેગારો, ૯૫૮ મિલ્કત સંબંધી ગુનેગારો, ૧૭૯ માઈનીંગ ક્ષેત્રના તથા ૫૪૫ અન્ય-અસામાજીક પ્રવૃતિ કરતા શખ્સો માલુમ પડયા છે.

અસામાજીક પ્રકૃતિને ડામી





લેવા ગુંડાતત્વોનુ લીસ્ટ તૈયાર કરવાની સાથોસાથ ધડાધડ પગલા પણ શરૂ કરાયા છે. અમદાવાદમાંથી ૨૫, ગાંધીનગરના ૬, સુરતના ૭, વડોદરામાં ૨ તથા મોરબીમાં ૧૨ સહિત ૫૯ શખ્સો સામે પાસાનુ શસ્ત્ર ઉગામવામાં આવ્યા છે. ૧૦ સામે હદપારીના આદેશ કરાયા છે ૭૨૪ ની અટકાયત કરાઈ છે.૧૬ શખ્સોનાં ગેરકાયદે બાંધકામો દબાણો પર

**ગેરકાયદે દબાણો, ગેરકાયદે વિજ જોડાણ તથા શંકાસ્પદ-અનઅધિકૃત આર્થિક વ્યવહારો પર આકરી કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. રાજયમાં અસામાજીક-ગુંડા તત્વો સામે કડક એકશન લેવાના આદેશ સાથે રાજયના પોલીસવડાએ ગત સપ્તાહે યોજેલી બેઠકમાં પોલીસ કમિશ્નરો-જીલ્લા પોલીસવડાઓને ૧૦૦ કલાકની મહેતલ આપીને લીસ્ટ તૈયાર કરવા તાકીદ કરી હતી.**

બુલડોઝર ફેરવી દેવાયું છે. જયારે ૮૧ ના વિજ જોડાણ કાપી નાખવામાં આવ્યા છે.

સુત્રોએ કહ્યું કે, આવતા દિવસોમાં ૧૨૦ સામે પાસા, ૧૨૦ સામે હદપારી, ૨૬૫ સામે અટકાયતી, ૨૦૦ જેટલા ડીમોલીશન તથા ૨૨૫ ના ગેરકાયદે વીજ જોડાણ દુર કરવાની કાર્યવાહી કરાશે. કેટલાંક કિસ્સામાં જામીન પર મુકત શખ્સોનાં જામીન રદ કરાવવા પણ કાર્યવાહી થશે.




# દગાખોર પાકિસ્તાન

એક એવા સમયે જ્યારે પાકિસ્તાન અસંતોષ, અરાજકતા અને અસ્થિરતામાં સપડાયેલું છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એ ઉલ્લેખ કરીને બિલકુલ યોગ્ય કર્યું કે તેમણે આ પડોશી દેશ સાથે શાંતિપૂર્ણ સંબંધો સ્થાપવા માટે અનેક પ્રયાસો કર્યા હતા, પરંતુ ત્યાંના શાસકોએ મિત્રતાની આ પહેલને સમજવાનો ઈનકાર કરીને ભારતને દર વખતે દગો આપવાનું જ કામ કર્યું. જાણીતા કમ્પ્યૂટર વિજ્ઞાની લેક્સ ફ્રીડમેન સાથે પોડકાસ્ટમાં વડાપ્રધાને પાકિસ્તાનને જે આઈનો દેખાડ્યો તેની જરૂરિયાત એટલા માટે હતી, કારણ કે તે હજુ પણ પોતાના જૂના જ રસ્તે ચાલી રહ્યું છે. જોકે તેનાં પરિણામોમાં તેનું નુક્સાન જ થઈ રહ્યં છે, પરંતુ તે પોતાની ભૂલોને સમજવા અને યોગ્ય રસ્તે ચાલવા માટે તૈયાર નથી. તે ભારતને નીચું દેખાડવાના સનેપાતથી એટલી હદે ગ્રસ્ત છે કે એ પણ નથી જોઈ રહ્યું કે તેની સામાજિક, આર્થિક અને રાજકીય દુર્દશા વધતી જાયછે અને આંતરરાષ્ટ્રીય પટલ પર તેને દરરોજ ફજેતીનો સામનો કરવો પડે છે. એક સમયે તે દરેક ક્ષેત્રમાં ભારતનો મુકાબલો કરવાની કોશિશ કરતું હતું, પરંતુ આજે તે મુકાબલામાંથી જ બહાર ફેંકાઈ ગયું છે. વડાપ્રધાને એ યોગ્ય કહ્યં કે એક દિવસે પાકિસ્તાનને સદ્બુદ્ધિ આવશે, પરંતુ એ કેવું મુશ્કેલ છે કે એવું ક્યારે થશે. જ્યાં સુધી એવું નહીં થાય ત્યાં સુધ ભારતે પાકિસ્તાનથી સતર્ક રહેવું પડશે. એ સાચું છેકે પાકિસ્તાની જનતાનો એક મોટો વર્ગ પોતાના શાસકોની ભૂલોનો આભાસ કરવા લાગ્યો છે, પરંતુ તેમ છતાં પાકિસ્તાની સેના અને તેની ગુપ્તચર એજન્સી ભારત વિરોધી વલણ છોડવા તૈયાર નથી. જો પાકિસ્તાન અનેક સંકટોનો સામનો કરવા છતાં પણ ભારત સાથે રાજદ્વારી સંબંધો સામાન્ય કરવા અને વેપાર કરવા માટે તૈયાર નથી થતું તો એનાથી એના શાસકોનો વેરભાવ ખબર પડે છે. ભારત એની અવગણના ન કરી શકે કે પાકિસ્તાન જમ્મુ-કાશ્મીર અને પંજાબમાં અશાંતિ ફેલાવવાની પોતાની હરકતો છોડતું નથી. એ પણ બધા જાણે છે કે તેના ગેરકાયદે કબ્જાવાળા ભારતીય ભૂભાગમાં આતંકીઓના અડ્ડા ચાલી રહ્યા છે. જોકે પાકિસ્તાન હજુ પણ પોતાના આતંકી માળખા દ્વારા ભારતને નુક્સાન પહોંચાડવાની કોશિશ કરતું રહે છે અને ભારતમાં ભાગલાવાદી તત્ત્વોની મદદ કરતું રહે છે, તેથી તેના પર નજર રાખવી જરૂરી છે. નજર એટલા માટે રાખવી પડશે, કારણ કે કટ્ટર ઈસ્લામિક તત્ત્વોને આશ્રય આપવાનું કામ તે પહેલાંની જેમ જ કરી રહ્યું છે. પાકિસ્તાનનું આ વલણ એ જ દર્શાવે છે કે તે સુધરવા માટે તૈયાર નથી. આ સ્થિતિમાં યોગ્ય એ રહેશે કે ભારત એના ૨ વિચાર કરે કે પાકિસ્તાન સિવાય અન્ય દિક્ષણ એશિયન દેશોના સહયોગને લઈને આ ક્ષેત્રને કેવી રીતે શાંતિ, સમૃદ્ધિ અને સ્થિરતા તરફ લઈ જવામાં આવે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## શરાબ ટેક્સ પેટે સરકારને ૧૯.૫૩ કરોડની આવક

# ગુજરાતમાં 'ડ્રીંક એન્ડ ડ્રાઈવ'ના કેસ એક વર્ષમાં 'ડબલ': પરમીટધારકો વધ્યા

## વિધાનસભામાં માહિતી જાહેરઃ ૪૫૦૦૦ લોકો પાસે દારૂની પરમીટ

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૯

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી તો માત્ર નામ પૂરતી જ છે, રાજ્યમાં દારૂ વેચાણના પરમિટ ધરાવતા હોટલોની સંખ્યા પણ વધતી જ રહી છે. ગુજરાત રાજ્ય સરકારે વિધાનસભામાં પુછાયેલા પ્રશ્નના લેખિત જવાબમાં જણાવ્યું તે પરથી આ સ્પષ્ટ થયું છે. સરકારને ફેબ્રુઆરી ૨૦૨૩ થી જાન્યુઆરી ૨૦૨૪ સુધી દારૂ વેચાણમાંથી ૧૪.૪૫ કરોડ રૂપિયાની આવક થઈ હતી.

જ્યારે તાજેતરમાં ફેબ્રુઆરી ૨૦૨૪ થી જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન આવક વધીને ૧૯.૫૩ કરોડ રૂપિયા થઈ ગઈ છે. દારૂ વેચાણમાંથી મળતી કર આવકમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે.



અમદાવાદ શહેરમાં અત્યારે ૨૦ અને ગાંધીનગર શહેરમાં ૪ હોટલોને દારૂ વેચવાની પરમિશન આપી છે. સાથે જ ગ્રામીણ વિસ્તારમાં અમદાવાદમાં ૨ અને ગાંધીનગરમાં ૨ હોટલો એમ ગુજરાત સરકારે ૨૮ હોટલોને દારૂ વેચવાની મંજૂરી આપી છે. રાજ્ય સરકારે એમ પણ સ્પષ્ટ કર્યું છે કે છેલ્લા બે વર્ષમાં કોઈ પણ હોટલના પરમિટ સસ્પેન્ડ કરવામાં આવ્યા નથી. દારૂ પરમિટ અને વેચાણની સાથે રાજ્યમાં ડ્રિંક એન્ડ ડ્રાઈવના કેસ પણ વધી રહ્યા છે. તાજેતરમાં રજૂ કરાયેલા વિધાનસભાના એક રિપોર્ટ મુજબ, વર્ષ ૨૦૨૩માં દારૂ પી વાહન ચલાવવાના કુલ ૨૭,૪૯૫ કેસ નોંધાયા હતા. જે પહેલાંના વર્ષ ૨૦૨૧-૨૨ના ૧૩,૧૫૩ કેસની તુલનામાં બમણો ઉછાળો દર્શાવે છે.

રાજ્યમાં દારૂ આરોગ્ય પરમિટની સંખ્યામાં પણ વધારો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૨૪માં આ સંખ્યા ૩.૫% વધી છે અને કુલ ૪૫,૦૦૦ પરમિટ ધારકો નોંધાયા છે. દારૂ પરમિટ મેળવવા માટે રૂ. ૪,૦૦૦ના ખર્ચ સાથે આરોગ્ય તપાસ તથા અરજીની પ્રક્રિયા પણ છે, જ્યારે દર વર્ષે રૂ. ૨,૦૦૦ની રિન્યુઅલ ફી પણ ચૂકવવી પડે છે.

# વસ્ત્રાલ ઘટના બાદ અમદાવાદ સીપીની મોટી કાર્યવાહી

## ક્રિમીનલો બાદ હવે પોલીસ પર 'ગાજ' : અમદાવાદના ૨૮ PI ની એક સાથે બદલી

અમદાવાદ તા.૧૯

અમદાવાદના વસ્ત્રાલમાં અસામાજિક તત્ત્વો દ્વારા આતંક મચાવાની ઘટના બાદ પોલીસ વિભાગ એલર્ટ મોડ પર આવી ગયું છે. મંગળવારે (૧૮ માર્ચ, ૨૦૨૫) સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વડા દ્વારા ૨૧૫ પોલીસ કર્મચારીઓની આતંરિક બદલીઓ કરવામાં આવી હતી.

ત્યારબાદ હવે અમદાવાદના પૂર્વ વિસ્તારના એકસાથે ૨૮ PIની બદલી કરી દેવામાં આવી છે. વસ્ત્રાલમાં વધતા જતા ગુંડા તત્ત્વોનો આતંક અને વસ્ત્રાલની ઘટના બાદ



અમદાવાદ સીપીએ મોટી કાર્યવાહી કરી છે. રામોલ પોલીસ સ્ટેશનના પી.આઈ. એસ.બી ચૌધરીની કંટ્રોલ રૂમમાં બદલી કરવામાં આવી છે.

જ્યારે એસ.ઓ.જી. વી.ડી. મોરીને રામોલમાં મુકાયા છે. ઉલ્લેખનીય છે કે વસ્ત્રાલની ઘટના બાદ અમદાવાદ પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા હતા. વસ્ત્રાલમાં પ્રજામાં ભય ફેલાવનારા આરોપીના મકાન પર હથોડા મારી તોડી પાડ્યા બાદ રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય દ્વારા ૧૦૦ કલાકની અંદર સમગ્ર ગુજરાતમાં અસામાજિક તત્વોની યાદી તૈયાર કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

રાજ્યના અલગ અલગ શહેરોમાં અસામાજિક તત્ત્વોની યાદી તૈયાર કરવામાં આવી રહી છે અને તેમના વિરૂદ્ધ કડક કાર્યવાહીની તજવીજ હાથ ધરવામાં આવી રહી છે.

અમદાવાદમાં હોળીની રાત્રે વસ્ત્રાલ વિસ્તારમાં અસામાજિક તત્ત્વોએ આતંક મચાવ્યો હતો. જેનો વીડિયો વાઈરલ થયો હતો. આ વીડિયોમાં જોઈ શકાય છે કે તોફાની તત્ત્વોએ રાહદારીઓને પણ નિશાન બનાવવાનું શરૂ કર્યું હતું. વિસ્તારમાં ઘર-મકાન-દુકાનોની આજુબાજુ ઊભેલા વાહનોમાં પણ તોડફોડ મચાવી હતી.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** આજે તમારે સ્વાસ્થ્ય પ્રત્યે વિશેષ કાળજી લેવાની જરૂર છે. બદલાતા હવામાનને કારણે આરોગ્ય બગડી શકે છે. ભોજનમાં જરા પણ બેદરકાર ના રહેશો. ધંધાની દ્રષ્ટિએ દિવસ સુખદ રહેશે.

**વૃષભઃ** આજે તમારી રાશિમાં શુભ યોગની રચના થઈ રહી છે. મોડી સાંજ સુધીમાં લાંબા સમયથી બાકી રહેલી ડીલને અંતિમ સ્વરૂપ આપી શકાય છે. કાર્યક્ષેત્રમાં તમને વિશેષ માન મળી શકે છે.

**મિથુનઃ** જે લોકો કોઈ પ્રકારનાં સર્જનાત્મક કાર્ય સાથે સંકળાયેલા છે તેમના માટે આજનો દિવસ ખૂબ જ શુભ છે. આવા લોકોના પ્રોજેક્ટ્સ આજે સફળ થશે અને આજનો દિવસ ખૂબ રચનાત્મક રહેશે.

**કર્કઃ** આજનો દિવસ તમને લાભ આપવા જઈ રહ્યો છે અને આજે તમારું મન નવી યોજનાઓમાં વ્યસ્ત રહેશે. આજે પરિવાર સાથે ધાર્મિક યાત્રા પર જવા માટે કોઈ યોજના બનાવી શકાય છે.

**સિંહઃ** આજનો દિવસ વ્યસ્ત બની શકે છે. આજે ધાર્મિક કાર્યમાં તમારી રુચિ વધશે અને તમે દાન આપવાનું વિચારી શકો છો. કાર્યસ્થળમાં વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં અવરોધ લાવવાનો પ્રયાસ કરી શકે છે, પરંતુ તમારી આવડતની સામે નહીં ટકે અને તમે સફળતાપૂર્વક તમારું કાર્ય પૂર્ણ કરશો.

**કન્યાઃ** આજનો દિવસ તમારા માટે શુભ દિવસ છે અને આજે તમને સફળતા મળશે. તમે સમર્પણ સાથે જે પણ કાર્ય કરો છો આજે તેનું ફળ તે જ સમયે પ્રાપ્ત થઈ શકે છે.

**તુલાઃ** આજનો દિવસ થોડો સાવધાન રહેવાનો છે. એકબીજા સાથેની ક્રિયા-પ્રતિક્રિયામાં સાવચેત રહો. આજુબાજુના લોકો સાથેનો મુકાબલો ટાળો જે વધુ સારું રહેશે. આ દિવસે તમારા કુટુંબમાં કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે અને શરૂઆત થઈ શકે છે.


**વૃશ્ચિકઃ** આજે સામાન્ય દિવસ છે. જો તમે તમારા જીવનસાથી સાથે કોઈ કામ કરી રહ્યા છો તો ફાયદાકારક રહેશે. રોજિંદા ઘરના કામકાજ પતાવવાની આજની સુવર્ણ તક છે.

**ધનઃ** આજનો દિવસ વિશેષ દિવસ બની રહ્યો છે. જો તમે વ્યવસાયની બાબતમાં થોડું જોખમ લેશો તો મોટા નફાની અપેક્ષા છે. આજે તમારા પરિવારમાં સમૃદ્ધિ મળશે અને ભાગ્ય પણ તમને સાથ આપશે.

**મકરઃ** આજનો દિવસ લાભકારક સાબિત થવાનો છે અને આજે તમારી બધી સમસ્યાઓ ઉકેલાશે. નવા પ્રોજેક્ટ પર કામ આજથી શરૂ થઈ શકે છે. સંપત્તિના મામલે પરિવાર અને આસપાસના લોકો થોડી મુશ્કેલી ઊભી કરવાનો પ્રયાસ કરશે.

**કુંભઃ** આજે તમને લાભ મળશે અને તમને દરેક કામમાં સફળતા મળશે. બિઝનેસમાં જોખમ લેવાનું પરિણામ આજે ફાયદાકારક રહેશે. ધૈર્ય અને સારા વર્તનથી તમે સમસ્યાઓનું નિવારણ લાવશો.

**મીનઃ** વ્યાવસાયિક લોકો માટે આજનો દિવસ ખૂબ જ ખાસ બની શકે છે. નોકરી-ધંધાના ક્ષેત્રમાં આજે તમને ખાસ સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો રહેશે. સક્રિય રહો, સખત મહેનત કરો.




વિઝન આધુનિક ગુજરાતનું મિશન સદભાવપૂર્ણ સમાજના નિર્માણની

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ માટે કુલ ₹૬,૮૦૭ કરોડની જોગવાઈ

» પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના અંદાજે ૪૨ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય આપવા માટે **₹૭૧૭ કરોડની જોગવાઈ**

» **પી.એમ. યશસ્વી યોજના:** પ્રિ-મેટ્રિક અને પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના માટે **₹૫૨૦ કરોડની જોગવાઈ**

» **સંત સુરદાસ યોજના:** ૮૦% ને બદલે હવેથી ૬૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા ૮૫ હજારથી વધુ દિવ્યાંગજનોને પણ **હવે વાર્ષિક ₹૧૨ હજારની સહાય આપવામાં આવશે**

» **વિદેશ અભ્યાસ લોન યોજના:** વિદેશમાં ઉચ્ચ કક્ષાના અભ્યાસ અર્થે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે **₹૧૦૦ કરોડ** અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વિદ્યાર્થીઓ માટે **₹૮૦ કરોડની જોગવાઈ**

» ઘરના ઘર માટેની SC-ST-OBC વર્ગો માટે મકાન સહાયમાં સબસિડીમાં વધારો કરી હાલની ₹૧.૨૦ લાખની સહાયમાં મકાનદીઠ **₹૫૦ હજારના વધારા સાથે ₹૧. ૭૦ લાખ કરવામાં આવી**

» **સમરસ છાત્રાલય:** ૧૦ જિલ્લાઓમાં ૯ સમરસ કન્યા અને ૧૧ સમરસ કુમાર છાત્રાલયો બનાવવા માટે **₹૮૩ કરોડની જોગવાઈ** જેનાથી અંદાજે વધારાના ૧૩ હજાર કુમાર/કન્યા છાત્રોને લાભ થશે

» અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના લાભાર્થીઓને બેંક મારફતે **₹ ૧૦ લાખ સુધી** સ્વરોજગારી માટે લીધેલ લોન પર ૬% વ્યાજ સબસિડી પુરુષ માટે તથા મહિલા માટે ૭% વ્યાજ સબસિડીની જોગવાઈ

» **સરસ્વતી સાધના યોજના:** ધોરણ ૯માં અભ્યાસ કરતી સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગની તેમજ આર્થિક પછાત વર્ગની ૧.૨૫ લાખ વિદ્યાર્થિનીઓને અને અનુસૂચિત જાતિની ૧૩,૬૦૦ વિદ્યાર્થિનીઓને વિનામૂલ્યે સાયકલ આપવા માટે **₹૮૪ કરોડની જોગવાઈ**




આજે વીસમી માર્ચ એટલે વિશ્વ ચકલી દિને વિશેષ

# તારો વૈભવ રંગમોલ સોનુંને ચાકર ઘાડું, મારે ફળીયે ચકલી બેસે તે મારૂં રજવાડું



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા



દેશમાં ભેળસેળ સિમેન્ટ કોંક્રિટના જંગલો વ્યસનો કુદરતી સંપત્તિનો બેફામ વિનાશ સાથે બાળ વાર્તા ઓ મોબાઈલના આગમન સાથે લુપ્ત થઈ ગઈ..હવે વારતા રે વારતા,ભાભો ઢોર ચારતા,ચપટી બોર લાવતા,છોકરાઓને સમજવતા.એક છોકરો રિસાણો, કોઠી પાછળ ભિંસાણો,કોઠી પડી આડી,છોકરે રાડ પાડી,અરરર માડી.આવી વાર્તાઓ કે કવિતા ઓ નથી રહી કે ભાભો ઢોર ચારતાએ નથી.છતાં આપણી ચિંતન મનન રત્નકણિકામાં આજે એક હતી ચકી અને એક હતો ચકો, ચકો લાવ્યો ચોખાનો દાણો અને ચકી લાવી મગનો દાણો બંને ભેગા થઈ ખીચડી બનાવી આ વાર્તા નાનપણમાં બહુ ગમતી કૃષિ ઉત્પાદન વધારવા માટે જમીનમાં વપરાતા હાઈબ્રીડ બિયારણ રાસાયણિક ખાતરો,દવાઓના કારણે કૃષિ પાકો અને જમીનો ઝેરીલી બની છે જેની સીધીઅસર પશુ- પક્ષીઓમાં સ્પષ્ટપણે જોવા મળી રહી છે કેટલાક પક્ષીઓ અને પશુઓ લુપ્ત થઈ ડાયના સોર સ્વરૂપ બન્યા છે જેને ફકત ચિત્રોમાં કે વિડિયોમાં જોઈ શકાય છે આ ઝેરીલા બિયારણ ખાતરો રાસાયણિક દવાઓના કારણે માનવી પણ અનેક રોગોનો ભોગ બની રહ્યો છે આજે વીસમી માર્ચ-૨૦૨૫ને ગુરૂવારે વિશ્વ ચકલી દિન નિમિત્તે આપણે સંકલ્પ કરીએ કે જમીનમાં શક્ય હોય ત્યાં સુધી સેન્દ્રિય ખાતરો કુદરતી જીવજંતુ નાશક અને ભગાડે તેવા છંટકાવ કરીશું.ગીધ કાગડા જેવા પક્ષીઓ ઘેટા બકરા ગધેડા જેવા પશુઓ બિલકુલ લુપ્ત થવાના આરે પહોંચ્યા છે આંગણામાં સતત ચી ચી કરતી ચકલીઓ ક્યાં આજે વિશ્વ ચકલી દિન નિમિત્તે આપણે ચકલી પરિવાર વિશે કંઈક જોઈશું એ પહેલા કવિ રમેશ પારેખે લખેલી અત્યંત હૃદય સ્પર્શી રચના આજે વિશ્વ ચકલી દિને માણી આગળ ચકલીપરિવાર ને ઓળખવા પ્રયત્ન કરીએ..

તારો વૈભવ રંગમોલ સોનુંને ચાકર ઘાડું,મારે ફળીયે ચકલી બેસે તે મારું રજવાડું,તારે બોલે હાંફળ ફાંફળ ચાકર ઉઠે બેસે,મારાઘરમાં કીડી સુદ્ધા દમામ પૂર્વક બેસે.મારે ફળીયે ઝૂલે ઝાડની ઘટાદાર ખુશી યારી,ખોલું ત્યા આકાશ લાગલું દેતી ઘરની બારી,જેવો મારોઉંબર તેવું આડેઘડ પછવાડું,મારે ફળીયે ચકલી બેસે તે મારું રજવાડું. તારે ફળીયે તારો વૈભવ ખોખારાઓ ખાય,મારે પંખીના ટહૂકાથી અજવાળા ફેલાય, સાત રંગના ઓડકાર તું સાવ એકલો ખાતો,હું તો અકડેલ ટ્ટુ ડાયરા વચ્ચે મગન થાતો. આવા મારા સાવ ઠોઠ જીવતરને શું શીખવાડું, તારો વૈભવ રંગમોલ સોનુંને ચાકર ઘાડું, મારે ફળીયે ચકલી બેસે તે મારું રજવાડું,ઘર ચકલી (પાસર ડોમેસ્ટિકસ)એક પક્ષી છે,જે યુરોપ અને એશિયા ખંડમાં સામાન્ય રીતે દરેક જગ્યા પર જોવા મળે છે.આ ઉપરાંત જગત ભરમાં જયાં જયાં મનુષ્ય ગયો, આ પક્ષીએ એનું અનુકરણ કર્યું અને અમેરિકાના મોટાભાગના સ્થાનો,આફ્રિકાના કેટલાંક સ્થાનો ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા તથા અન્ય નગરીય વસાહતોમાંપોતાના ઘર બનાવી રહેવાનું ચાલુ કર્યું. શહેરી વિસ્તારમાં ચકલીઓની છ પ્રકારની પ્રજાતિઓ જોવા મળી છે જે અંગ્રેજી ભાષામાં હાઉસ સ્પેરો,સ્પેનિશ સ્પૈરો,સિડ સ્પેરો રસેટ સ્પૈરો,ડેડ સી સ્પૈરો અને ટ્રી સ્પૈરો તરીકે વર્ગીકૃત કરવામાં આવેલી છે.આમાંથી હાઉસસ્પૈરો ને ગુજરાતમાં ચકલી અને હિંદી માં ગૌરૈયા ચીડિયા કહેવામાં આવે છે.આ પક્ષી શહેરીવિસ્તારોમાં વધારે પ્રમાણમાં જોવા મળે છે આજના સમયમાં ચકલી વિશ્વમાં સૌથી અધિક પ્રમાણમાં જોવા મળતા પક્ષીઓમાં એક પક્ષી છે. લોકો જ્યાં પણ ઘર બનાવે છે, મોડી કે વહેલી ઘરચકલીની જોડી ત્યાં રહેવા માટે પહોંચી જાય છે. નર ઘર ચકલી(પાસરડોમેસ્ટિકસ) એક પક્ષી છે જે યુરોપ અને એશિયા ખંડમાં સામાન્ય રીતે દરેક જગ્યા પર જોવા મળે છે. આ ઉપરાંત જગત ભરમાં જયાં જયાં મનુષ્ય ગયો, આ પક્ષીએ એનું અનુકરણ કર્યું અને અમેરિકા ના મોટાભાગના સ્થાનો, આફ્રિકા ના કેટલાંક સ્થાનો ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા તથા અન્ય નગરીય વસાહતોમાં પોતાના ઘર બનાવી રહેવાનું ચાલુ કર્યું.શહેરી વિસ્તારમાં ચકલીઓની છ પ્રકાર ની પ્રજાતિઓ જોવા મળી છે,જે અંગ્રેજી ભાષામાં હાઉસ સ્પેરો, સ્પેનિશ સ્પેરો,સિડ સ્પેરો,રસેટ સ્પૈરો,ડેડ સી સ્પૈરો અને ટ્રી સ્પેરો તરીકે વર્ગીકૃત કરવામાં આવેલી છે.આમાંથી હાઉસ સ્પેરોને ગુજરાતમાં ચકલી અને હિંદીમાં ગોરૈયા ચિડિયા કહેવામાં આવે છે આ પક્ષી શહેરી વિસ્તારોમાં વધારે પ્રમાણમાં જોવા મળે છે. આજના સમયમાં ચકલી વિશ્વમાં સૌથી અધિક પ્રમાણમાં જોવા મળતા પક્ષીઓમાંથી એક પક્ષી છે. લોકો જયાં પણ ઘર બનાવે છે, મોડી કે વહેલી ઘર ચકલીની જોડી ત્યાં રહેવા માટે પહોંચી જાય છે.ઓછી થતી સંખ્યા પાછલા કેટલાક વર્ષોમાં શહેરોમાં ચકલીઓની ઓછી થતી સંખ્યા પર ચિંતા પ્રગટ કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે. આધુનિક સ્થાપત્ય ની બહુમજલી ઈમારતોમાં ચકલી ઓને રહેવા માટે પુરાણી ઢબના ધરોની જેમ જગ્યા નથી મળી શકતી. સુપરમાર્કેટ સંસ્કૃતિના કારણે પુરાણી પસારીની દુકાનો ઘટી રહી છે.આ કારણે ચકલીઓ ને દાણા નથી મળતા. આ ઉપરાંત મોબાઈલ ટાવરોમાંથી નિકળતા તરંગો પણ ચકલીઓના સામાન્ય જીવન માટે હાનિકારક માનવામાં આવેછે.આ તરંગો ચકલીની દિશા શોધવાની પ્રણાલીને પ્રભાવિતકરી રહી છે અને એના પ્રજનન પર પણ વિપરીત અસર પડી રહી છે,જેના પરિણામ સ્વરૂપ ચકલી ઓ ઝડપથી વિલુપ્ત થઈ રહી છે ચકલીને ખોરાક તરીકે ધાસના બીજ ખુબ જ પસંદ પડે છે,જે શહેરની અપેક્ષામાં ગ્રામીણ ક્ષેત્રો માં આસાનીથી મળી જાય છે. વધારે તાપમાન પણ ચકલી સહન નથી કરી શકતી.પ્રદૂષણ અને વિકિરણ ના કારણે શહેરોનું તાપમાન વધી રહ્યુંછે.કબૂતરને ધાર્મિક કારણોથી વધારે મહત્વ આપવામાં આવે છે.ચણ નાખવા ની જગ્યા પર પણ કબૂતર વધારે હોય છે.પણ ચકલી ઓ માટે આ પ્રકારની કોઈ વ્યવસ્થા નથી હોતી ખોરાક અને માળાની તલાશમાં ચકલીઓ શહેરથી દૂરના વિસ્તારોમાં જતી રહે છે અને પોતાના નવા આશરાનું સ્થાન શોધી લે છે.છેલ્લે એ જ તારો વૈભવ રંગમોલ સોનુંને ચાકર ઘાડું, મારે ફળીયે ચકલી બેસે તે મારું રજવાડું,નાનકડી ચકલી પરિવાર ને ઘરમાં સદા માનપાન આપજો હો કે.. છેલ્લે આજે નાનકડી ચકલીની એક શિખમણરૂપ વાત આપણે પોતાના પર વિશ્વાસ રાખવો જોઈએ કે આપણે કોઈ પણ પરિસ્થિતિમાં જીતી શકીએ છીએ એક દિવસ,એક ચકલી આકાશમાં ઉડી રહીહતી.રસ્તામાં તે ગરુડને મળે છે.ગરુડ તે ચકલી ને ખાવા દોડે છે.ચકલી તેને પોતાના જીવન માટે ભીખ માંગે છે.પણ ગરુડ તેના પર દયા કરવા તૈયાર નથી.પછી ચકલી તેને કહે છે કે મારે નાના બાળકો છે અને તેમને ઉછેરવા માટે મારા માટે જીવંત રહેવું મહત્વપૂર્ણ છે. પછી ગરુડ ચકલી સમક્ષ એક શરત મૂકે છે કે મારી સાથે દોડે અને જો તું મને હરાવીશ તો હું તારો જીવ બચાવીશ અને તને અહીંથી જવા દઈશ.

ગરુડ જાણતો હતો કે ચકલી માટે દોડમાં તેને હરાવવું અશક્ય છે. એટલા માટે તે પોતાની સામેઆવી મુશ્કેલ શરત મૂકે છે.ચકલી પાસે આ રેસ માટે હા કહેવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. પણ ચકલી જાણતી હતી કે દોડમાં ગરુડને હરાવવું અશક્ય છે, છતાં તેણે દોડ માટે હા પાડી. પણ તે ગરુડને કહે છે કે જ્યાં સુધી રેસ પૂરી ન થાય ત્યાં સુધી તે તેને મારી નાખશે નહીં. ગરુડ આ સાથે સંમત થાય છે.દોડ શરૂ થાય છે, ચકલી ઝડપથી જઈને ગરુડના માથા પર બેસે છે,અને ગરુડ દોડ ના છેલ્લા સ્થાને પહોંચે છેકે તરત જ ચકલી ઝડપથી રેખા પાર કરીને જીતી જાય છે. ગરુડ તેની હોશિયારીથી ખુશ થાય છે અને તેને જીવતી છોડી દે છે. ચકલી તરત જ ત્યાંથી ઉડી જાય છે અને પોતાના રસ્તે આગળ વધે છે.વાચક ચાહક મિત્રો, સૌને જય માતાજી સુપ્રભાત ચકલી જ નહીં સમગ્ર જીવ સૃષ્ટિ માટે જીઓ અને જીવવા દો ની ભાવના રાખીએ સુનિતા વિલિયમ્સ અને સાથી આઠ દિવસને બદલે નવ મહિના તેર દિવસ પછી ધરતી પર સહીસલામત પરત આવતાં ગુજરાત સહિત દેશભરમાં આનંદોત્સવ છે સૌનુ કલ્યાણ થાય તેવી આશા સહ અસ્તુ.

# સફળ વાર્તા : દિકરીઓને રૂપિયા ૨ લાખની લગ્ન સહાય યોજના-૨૦૨૫

# પાલક માતા પિતા યોજના અને મુખ્યમંત્રી બાળસહાય યોજનાની લાભાર્થી દિકરીઓને રૂ.૨ લાખની લગ્ન સહાય યોજના લાભાર્થી માટે ગૌરવ સમાન

## મહેસાણા જિલ્લામાં કુલ નવ દીકરીઓને રૂપિયા ૧૮ લાખની સહાય આપવામાં આવી





**● જેનો કોઈ આધાર નથી તેનો આધાર સરકાર બને છે...... લાભાર્થી**

દીકરી પઢાવો દીકરી વધાવો સરકાર આ માત્ર કહેતી નથી પણ સાથે સાથે એ દીકરીને ભણાવવાનો ખર્ચો પણ આપે છે અને લગ્નની પણ સહાય કરે છે. જેનો કોઈ આધાર નથી સરકાર તેનો આધાર બને છે અને આ સહાય લાભાર્થી માટે બહુ જ ઉપયોગી છે. આ વાત સો ટકા સાચી છે કેવી રીતે એ લાભાર્થી પાયલના મામાના દિકરા મામાના દીકરા વિષ્ણુભાઈ ઠાકોર ના સબ્દોમાં જાણીએ તો, 'પાયલ મારા ફોઈની દીકરી છે અને ધોરણ ત્રણમાં ભણતી હતી ત્યારથી ફોઈ ફુવા ના જવાથી અમે એમને અહીં લાવ્યા છે. ગામના તલાટી દ્વારા અમને જાણ થઈ કે પાલક માતા પિતા યોજના હેઠળ દર મહિને ?૩,૦૦૦ ની સરકારી સહાય મળે છે અને એનાથી એનું ભણતર પૂરું કર્યું તેમજ તેની લગ્ન ઉંમર થતાં અમને એ પણ જાણ થઈ કે પાલક માતા પિતા યોજના અને મુખ્યમંત્રી બાળ સહાય યોજનાની લાભાર્થી દીકરીઓને લગ્ન સમયે રૂ. બે લાખની સહાય મળશે જે મારા ફોઈની ભાણીને મળી અને અમે સારી રીતે તેના લગ્ન કરી શક્યા છીએ.'

મહેસાણા જિલ્લા અને તાલુકાના નુગર ગામની શાળામાં ભણેલી એક દીકરી પાયલ મકવાણા જે પોતાના મોસાળમાં ભણી ગણીને પરણ્યા બાદવેકેશન્માં મામાના ઘરે આવેલ છે. પોતાના મામી અને મામા પાસે બેસીને તેઓ પોતાના લગ્નઆલ્બમ ને જોઈ રહેલી દીકરી પાયલ લક્ષ્મણભાઈ મકવાણા.... કે જેમના ગત વર્ષે જ લગ્ન કરવામાં આવ્યા છે. મોસાળમાં ખુશહાલ થઈને પોતાના લગ્નનો આલ્બમ જોતી આ દીકરી માતા-પિતાના બીમારીના પગલે અનાથ બની ત્યારે ત્રણ ભાઈ બહેનો સાથે મોસાળમાં આવી ગયા અને મોસાળમાં મામાને માથે ના પડ્યા કારણકે એમની પડખે ઊભી હતી પાલક માતા પિતા યોજનાની સહાય...

પાયલના મામા કનુજી બબાજી જણાવે છે એમ ,'માંદગીના કારણે વર્ષ ૨૦૦૮માં મારા બેન બનેવી મૃત્યુ પામતા મારા ભાણીયાને અમે ઘરે લાવેલા ભાણીયાનો અમને ભાર નથી લાગ્યો કારણકે નાનપણથી ભણાવીને એને લગ્ન કરાવ્યા ત્યાં સુધી સરકારે અમને દર મહિને પાલક માતા પિતા યોજનાના ૩૦૦૦ રૂપિયા લેખે ભણવાના બે ભાણા અને ભાણીના થઈ ને રૂ. ૬૦૦૦ આપ્યા છે તેમજ પાયલના લગ્ન કર્યા ત્યારે સરકારી સહાયના બે લાખ રૂપિયા પણ અમને મળ્યા છે એ માટે સરકારનો ખૂબ ખૂબ આભાર'.

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી આરતીબેન અમૃતભાઈ બોરીચા માહિતી આપતા જણાવે છે કે ,× સમાજ સુરક્ષા કચેરી દ્વારા બાળકના માતા કે પિતા મૃત્યુ પામ્યા હોય અથવા તેમના પિતાએ કે માતાએ પુનઃ લગ્ન કર્યા હોય કે બાળક અનાથ હોય અને બાળકને કોઈ અન્ય પાલક તરીકે ઉછેરતું હોય ત્યારે પાલક માતા પિતા યોજના અંતર્ગત દર મહિને ?૩,૦૦૦ ની સહાય કરવામાં આવે છે એ ઉપરાંત આ યોજનાનો લાભ લેતી દીકરીઓને રાજ્ય સરકાર દ્વારા લગ્ન સમયે રૂપિયા બે લાખની સહાય કરવામાં આવે છે. જેને એ લગ્ન સમયે અથવા લગ્ન બાદ ભણવામાં કે પછી લગ્નના ખર્ચમાં વાપરી શકે છે. મહેસાણા જિલ્લામાં આવી કુલ નવ દીકરીઓને રૂપિયા ૧૮ લાખનું ચુકવણું કરવામાં આવેલ છે . એમાંની જ એક નુગરની દીકરી છે જેને પાલક માતા પિતા યોજનાનો લાભ મળતો હતો અને ત્યારબાદ ૧૮ વર્ષ થતા તેના મામાના ઘરે લગ્ન સમયે તેને રૂપિયા બે લાખની સહાય ચૂકવવામાં આવી છે.

જિલ્લા બાળ સુરક્ષા સુરક્ષા અધિકારી કે.બી વાણીયા જણાવે છે એમ ,'જે બાળકના માતા પિતા મૃત્યુ પામ્યા હોય અથવા તો બાળકના માતા મૃત્યુ પામતા પિતાએ પુનઃ લગ્ન કર્યા હોય કે પિતા મૃત્યુ પામતા માતાએ પુનઃ લગ્ન કર્યા હોય તેમને સરકારની યોજના અંતર્ગત ૩,૦૦૦ માસિક ચુકવણું કરવામાં આવે છે. જો કોઈ આવા બાળક હોય તો આ યોજનાનું લાભ લેવા માટે જિલ્લા બાળ સુરક્ષા કચેરીનો સંપર્ક કરી શકે છે. આ યોજના અંતર્ગત મહેસાણા જિલ્લામાં ૮૨૫ જેટલા બાળકોએ લાભ લીધેલો છે. પાલક માતા પિતા યોજના ના ૬૫૨ જેવા લાભાર્થી છે તેમજ આ યોજના અંતર્ગત લાભાર્થી દીકરીઓને લગ્ન સમ રૂપિયા બે લાખની સહાય ડાયરેક્ટ તેમના ખાતામાં જમા કરીએ છીએ. પાત્રતા ધરાવતા લાભાર્થીને આ યોજનાઓનો લાભ મળે તે માટે અમે પ્રયત્ન કરતા હોઈએ છીએ..

બેટી પઢાઓ બેટી વધાવો એ માત્ર સૂત્રો કે વાતો નથી પણ સાચા અર્થમાં દીકરીઓને ,મહિલાઓને સશક્ત કરવાની સરકારની એક સહાનુભૂતિ ભરી સંવેદના છે અને આ કારણે જ વિવિધ યોજનાઓ થકી સરકાર મહિલાઓની પડખે અડીખમ થઈને ઊભી છે અને આ કારણે જ મહિલાઓમાં આત્મવિશ્વાસ કેળવાયો છે અને મહિલાઓ બને છે આત્મનિર્ભર.

જિલ્લા બાળ સુરક્ષા એકમ પ્રોટેક્શન ઓફિસર નૃપેશભાઈ રમેશભાઈ પટેલ જણાવે છે એમ,' અનાથ બાળકોને અમે પાલક માતા-પિતા યોજના હેઠળ તેમજ કોરોના સમયે અનાથ થયેલા બાળકોને મુખ્યમંત્રી બાળ સહાય યોજના અંતર્ગત આર્થિક સહાય કરીએ છીએ. આ યોજનાની લાભાર્થી દીકરીઓને અમે લગ્નબાદ લાભાર્થી દિકરી ના ખાતામાં સીધા જ રૂપિયા બે લાખની સહાય સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે.

જ્યારે દિકરી ૧૮ વર્ષની થવાની હોય ત્યારે અમે અગાઉથી જ બે ત્રણ મહિના પહેલા જ તેમના વાલી નો સંપર્ક કરીએ છીએ અને તેને લગ્ન સમયે અપાતી સહાયની માહિતી આપીને તેમને સામે ચાલીને તેમના સમય અને નાણાંનું બચત થાય એ રીતે સીધી સહાયની ચુકવણી કરીએ છીએ. જેથી કરીને લાભાર્થીને એમ લાગે કે સરકાર સાચા અર્થમાં લાભાર્થીની પડખે ઊભી છે.......' .

તાજેતરમાં આઠમી માર્ચે જ્યારે સમગ્ર વિશ્વે વિશ્વ મહિલા દિવસ મનાવ્યો છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં સાચા અર્થમાં મહિલાઓને સશક્તિકરણ અને મહિલા હોવાનું ગૌરવ અપાવી રહી છે એ મુખ્યમંત્રી બાળ સહાય યોજના અને પાલક માતા-પિતા યોજનાની લાભાર્થી દીકરીઓના જીવનમાં આવેલું ગૌરવ અને આત્મસન્માન પ્રસંશનીય છે આ યોજનાની જેમ જ .....

રજુઆત- મહેસાણા માહિતી કચેરી- હેમલત્તા પારેખ

# સંક્ષિપ્ત સમાચાર

## ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવીએ સુનિતા વિલિયમ્સને અભિનંદન પાઠવ્યા



ગાંધીનગર,તા.૧૯

છેલ્લા ઘણા સમયથી બધા સુનિતા વિલિયમ્સના ધરતી પર પાછા ફરવાની રાહ જોઈ રહ્યા હતા ત્યારે આજે સુનિતા વિલિયમ્સના પાછા આવ્યા બાદ બધાએ રાહતનો શ્વાસ લીધો છે.ત્યારે આ આ પ્રસંગે સીએમ ભૂપેન્દ્ર પટેલની પ્રતિક્રિયા સામે આવી છે જેમાં તેઓ કહે છે કે સુનિતા વિલિયમ્સના ધરતી પર પાછા ફરવાથી દેશમાં ખુશીનો માહોલ છે. ગુજરાતની દીકરી ધરતી પર પાછી આવી છે.

લાંબા સમય સુધી અવકાશમાં રહ્યા બાદ તે પૃથ્વી પર પરતફરી છે. જ્યારે તેઓ પૃથ્વી પર પરત ફર્યા ત્યારે હું ખુબજ આનંદનો અનુભવ કરી રહ્યો છું. અને ભગવાન સુનીતા વિલિયમ્સની તમામ ઈચ્છાઓ પૂર્ણ કરે. એટલુજ નહીં ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ સુનિતા વિલિયમ્સને અભિનંદન પાઠવ્યા હતા.જેમાં તેમણે કહ્યું કે, મહેસાણાની દીકરીએ નવો રેકોર્ડ બનાવ્યો છે. સુનિતા વિલિયમ્સ પાસે ૯ મહિનાનો અવકાશનો અનુભવ છે, સુનિતા વિલિયમ્સ વિશ્વભરની છોકરીઓ માટે પ્રેરણારૂપ છે. આ ઉપરાંત સુનીતા વિલિયમ્સ અને તેની ટીમ હર્ષ સંઘવીએ પણ આ પ્રસંગે અભિનંદન પાઠવ્યા હતા.

આ સાથેજ સુનિતા વિલિયમ્સની ધરતી પર વાપસી અંગે શિક્ષણ મંત્રી પ્રફુલ્લ પાનસેરિયાએ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે સુનીતા વિલિયમ્સ ૯ મહિના સુધી અંતરિક્ષમાં રહ્યા બાદ પરત આવી છે. તેમણે નારીશકિતના સાહસનો સંદેશ વિશ્વને આપ્યો છે. ત્યારે આ અવસર પર વિશ્વના તમામ લોકો તેમના માટે પ્રાર્થના કરી રહ્યા છે. આ પ્રસંગે રાજ્યના શિક્ષણ મંત્રીએ તેમની વહાલી દીકરી કલ્પના ચાવલાને પણ યાદ કરી હતી.

## ભુવાના પ્રેમમાં રાજકોટના મવડીમાં રહેતી એક યુવતીએ ઝેરી દવા પીને આત્મહત્યા કરી

રાજકોટ,તા.૧૯

રાજકોટના મવડીમાં રહેતી એક યુવતીએ ઝેરી દવા પીને આત્મહત્યા કરી છે. પરિવારનો આરોપ છે કે ૨૬ વર્ષની પુત્રી કોમલે ભૂવાના ત્રાસથી કંટાળીને ઝેર પીને આત્મહત્યા કરી હતી. આ યુવતીને ભુવા કેતન સગઠિયાએ ધાર્મિક વિધિઓના નામે પ્રેમ જાળમાં ફસાવી હતી અને તે તેની સાથે ભાગી ગયો હતો. જે બાદ કોમલ છેલ્લા દોઢ વર્ષથી ભુવા કેતન સાથે રહેતી હતી. પોલીસ હાલમાં આ કેસની તપાસ કરી રહી છે. આ સાથે, ફરાર ઠગ ભુવાની શોધ માટે પ્રયાસો તેજ કરવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજકોટના મવડી ગામની રહેવાસી કોમલે ૧૩ માર્ચે ઝેરી દવા પી લીધી હતી. ઝેરી દવાની અસરને કારણે, યુવતીને તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં સારવાર દરમિયાન કોમલનું મોત નીપજ્યું હતું. ઘટનાની માહિતી મળતાં જ તાલુકા પોલીસ સ્ટેશનનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

મૃતકના પિતાએ આરોપ લગાવ્યો છે કે કેતન સગઠિયા નામના વ્યક્તિએ દોઢ વર્ષ પહેલા કોમલને પ્રેમ જાળમાં ફસાવીને તેનું અપહરણ કર્યું હતું. આઠ મહિના પહેલા કેતને કોમલને ઝેર આપ્યું હતું. તેની પત્નીએ પણ કેતન વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. જ્યારે કોમલનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું ત્યારે કેતન હોસ્પિટલના પલંગ પર લાશ છોડીને ભાગી ગયો હતો. તેણે ઘણી દીકરીઓનું જીવન બરબાદ કરી નાખ્યું છે.

કેતન સગઠિયાએ કોમલને ઝેર આપીને મારી નાખ્યા હોવાના સનસનાટીભર્યા આરોપો લગાવવામાં આવ્યા છે. મૃતકના પિતાના આરોપો બાદ, તાલુકા પોલીસે મૃતક યુવતીનાં મૃતદેહનો ફોરેન્સીક પોસ્ટમોર્ટમની કાર્યવાહી હાથ ધરી છે.

## ૧૨ વર્ષની પુત્રીથી મોબાઈલ ફોન પાણીની ડોલમાં પડી જતાં આપઘાત કર્યો

સુરત,તા.૧૯

સુરતમાં ૧૨ વર્ષની પુત્રીથી મોબાઈલ ફોન પાણીની ડોલમાં પડી જતાં આપઘાત કર્યો હોવાનું સામે આવતા પરિવાર પર આભ તૂટી પડ્યું છે. તેમજ આપઘાત પહેલા સુસાઈડ નોટમાં પોતાની ભૂલ બદલ માફી માંગી હતી.

સુરત જીલ્લાના કતારગામ રોડ પર આવેલા એપાર્ટમેન્ટમાં રહેતી ૧૨ વર્ષની દીકરીએ ગળેફાંસો ખાતા ચકચાર મચી ગઈ હતી. રવિવારે જૈનીસા ધુધલે તેના માતાપિતા બહાર ગયા હતા ત્યારે રૂમમાં દુપટ્ટા વડે પંખે ગળે ફાંસો ખાધો હતો. તેની બહેને આ જોતાં બૂમાબૂમ કરી મૂકી હતી. બાદમાં પાડોશીઓએ તાત્કાલિક પોલીસ અને જૈનિસાના માતાપિતાને જાણ કરી હતી.

મૃતક દીકરીને પોલીસે સ્મીમેર હોસ્પિટલ ખસેડી હતી. પોલીસે તપાસ કરતા તેમને સુસાઈડ નોટ મળી આવી હતી. જેમાં લખ્યું હતું કે, મમ્મી મને માફ કરજે. મારાથી ભૂલ થઈ ગઈ. મોબાઈલ ફોન હાથમાંથી પાણીની ડોલમાં પડી ગયો હતો. મારા ગયા પછી રડતી નહીં, ભાઈ અને બહેનનું ધ્યાન રાખજે. પોલીસના મતાનુસાર ફોન પડી જતાં ગભરાટમાં આ પગલું ભર્યુ હોવાનું જણાઈ રહ્યું છે. વહાલસોયી દીકરીના જવાથી માતાપિતા આઘાતમાં છે, પરિવારમાં શોક ફેલાયો છે.

તાજેતરમાં આણંદનાં આંકલાવ તાલુકાના ખડોલ ગામમાં પરિવારના સભ્યોએ કિશોરીને ભોજન રાંધવા બદલ કહ્યું હતું. આ કારણથી માઠું લાગતાં ઘર છોડીને દૂર લીમડાના ઝાડ પર કપડાં વડે લટકીને આત્મહત્યા કરી લીધી હતી. જ્યારે સ્થાનિક લોકોને આ વાતની જાણ થઈ ત્યારે તેમણે તેમના પરિવારના સભ્યોને જાણ કરી અને પરિવારના સભ્યો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આ ઘટનાની જાણ અંકલાવ પોલીસને થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

## હિંમતનગર ખાતે ૧૦૮ ના કર્મયોગીઓએ દર્દીના રોકડ અને કિંમતી વસ્તુઓ પરત કરી પ્રામાણિકતા દાખવી



(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૯

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર તાલુકાના સહકારી જીન, કોટન માર્કેટની સામે તારીખ ૧૯/૩/૨૫ ના સવારે ૧૧:૩૬ કલાકે **EMRI Green Health Services** ૧૦૮ એમ્બ્યુલન્સને ઈમરજન્સી માટે ફોન આવ્યો હતો. ટેલીફોનિક વાતચીતમાં જાણવા મળ્યું કે સહકારી જીન બ્રિજ જોડે એક ફોરવીલર ઈકોનું એકસીડન્ટ થયુ છે. ઈકો ગાડીની અંદર એક માણસ ફસાયેલ છે. જેઓ ગાંધીનગર જિલ્લાના ગલુદણ તાલુકના રહેવાસી છે. જાણકારી મળતા જ ૧૦૮ એમ્બ્યુલન્સમાં ઈ એમ ટી જયેશભાઈ ચમાર અને પાયલોટ રીતેશભાઈ પટેલ એમ્બ્યુલન્સમાં લઈ ઘટના સ્થળે પહોંચી જરૂરી સારવાર આપી સિવિલ હોસ્પિટલ હિંમતનગર ખાતે એડમીટ કર્યા હતા.

અકસ્માતનો ભોગ બનેલા વ્યક્તિ પાસેથી રોકડ રૂપિયા ૧૦,૪૫૫ જીઓનો મોબાઈલ,રાડો કંપનીની કાડા ઘડિયાળ, ત્રણ લાખ રૂપિયાનો સહી કરેલો ચેક અને એક એટીએમ કાર્ડ,પાન કાર્ડ આધારકાર્ડ મળી આવ્યું હતું.૧૦૮ ના કર્મયોગીઓએ અકસ્માતનો ભોગ બનેલા પિતાના દીકરા અતુલભાઈને પરત કરી સાચા અર્થે પ્રામાણિકતા દાખવી હતી.

## રાજ્ય સરકાર દ્વારા પોલીથીન બેગની જગ્યાએ બાયો ડિગ્રીડેબલ બેગ અથવા લાંબા સમય સુધી વપરાતી બેગનો ઉપયોગ શરૂ કરવાનું આયોજન

# વિજાપુર તા.માં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ ૧૧૪ હેક્ટર વિસ્તારમાં વાવેતર માટે રૂ.૨૧૨ લાખથી વધુનો ખર્ચ કરાયો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

વિધાનસભા ગૃહમાં ધારાસભ્યશ્રી દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું કે મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં અંદાજે ૧૧૪ હેક્ટર વિસ્તારમાં વાવેતર પાછળ રૂ. ૨૧૨.૦૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે વન કવચ વાવેતરમાં રૂ. ૪૧.૫૬ લાખનો ખર્ચ, ગ્રામવન બિનપિયતમાં રૂ. ૬૧.૦૬ લાખનો વધારો, અન્ય મોડલમાં રૂ. ૯.૪૬ લાખનો વધારો તેમજ રોજમદારોનાં દૈનિક વેતન દરોમાં વધારો થવાનાં કારણે રૂ. ૧૧૨.૦૯ લાખ જેટલો ખર્ચમાં વધારો થયો છે.



વધુ વિગતો આપતા મંત્રીશ્રીએ કહ્યું કે વિજાપુર તાલુકામાં વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૪૮,૮૨૨ રોપાનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ગ્રામવન બિનપિયત મોડલ હેઠળ ૬ હેક્ટરમાં રૂ. ૭.૬૧ લાખના ખર્ચે ૨,૪૦૦ રોપાનું વાવેતર પણ કરવામાં આવ્યું હતું. જ્યારે વર્ષ ૨૦૨૪-૨૫માં ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં કુલ ૯૨,૮૨૨ રોપાનું વાવેતર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત બે હેક્ટર વિસ્તારમાં વનકવચ મોડલ હેઠળ રૂ. ૪૧.૫૬ લાખના ખર્ચે ૨૦,૦૦૦ રોપાનું વાવેતર તેમજ ગ્રામવન બિનપિયત મોડલ હેઠળ ૧૪.૫૦ હેક્ટરમાં રૂ. ૬૮.૬૭ લાખના ખર્ચે ૨૩,૨૦૦ રોપાનું વાવેતર કરવામાં આવ્યું છે. તદ્‌પરાંત રોજમદારોનાં દૈનિક વેતન દરોમાં વધારો થવાનાં કારણે કુલ ખર્ચ અને રોપાદીઠ ખર્ચમાં પણ વધારો થયો છે.

સીંગલયુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા વિશે વિગતો આપતા વન અને પર્યાવરણ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે રાજ્ય સરકાર દ્વારા પોલીથીન બેગની જગ્યાએ બાયો ડિગ્રીડેબલ બેગ અથવા લાંબા સમય સુધી વપરાતી બેગનો ઉપયોગ ચાલુ કરવા અંગે વિચારણા તેમજ તબક્કાવાર તેનો ઉપયોગ વધારવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત ખાસ ડિઝાઈન પ્રમાણે બનાવવામાં આવેલા પોટ-રૂટ ટ્રેનરમાં પણ રોપા ઉછેર કરવામાં આવી રહ્યા છે. જેમાં અંદરની બાજુએ ગ્રુવ બનેલા હોય છે અને તળીયે મોટું કાણું હોય છે. પોલીથીન બેગમાં રોપા ઉછેરતી વખતે તંતુ મુળ અને મુખ્ય મુળનું ગુચળું થઈ જાય છે. જ્યારે રૂટ ટ્રેનરમાં રોપા ઉછેરવાથી મુળનું ગુચળું અને સ્પાઈરલ થતાં નથી તેથી મુળનો સ્વસ્થ વિકાસ થાય છે. રૂટ ટ્રેનરને જમીનથી સહેજ ઉપર સ્ટેન્ડ ઉપર રાખવામાં આવે છે. રૂટ ટ્રેનરમાં રોપાને વાવવામાં આવે ત્યારે જીવંત રહેવાની શક્યતા વધે છે અને રોપાઓ સારી રીતે વિકાસ પામે છે. આ ઉપરાંત એક જ રૂટ ટ્રેનર ઘણા વર્ષ સુધી ઉપયોગમાં લઈ શકાય છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

## અંતરીક્ષમાં લાંબા રોકાણ પછી પૃથ્વી પર પરત ફરેલી ગુજરાતની દીકરી અને ભારતનું ગૌરવ સુશ્રી સુનિતા વિલિયમ્સ અને અવકાશયાત્રીઓને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અભિનંદન





(ગરવી તાકાત) મહેસાણા તા.૧૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતની દીકરી અને દેશનું ગૌરવ સુશ્રી સુનિતા વિલિયમ્સ અંતરીક્ષમાં આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર ૯ મહિનાના અસાધરણ મિશન પછી પૃથ્વી પર સુરક્ષિત પરત ફરી છે તે અંગે આનંદની લાગણી વ્યક્ત કરીને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ સુનિતા વિલિયમ્સ અને તેમની સાથેના અવકાશયાત્રીઓનો અતુટ સમર્પિતભાવ આવનારા લાંબા સમય સુધી લાખો લોકોને પ્રેરણા પૂરી પાડશે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના મહેસાણા જિલ્લાની દીકરી સુનિતા વિલિયમ્સે ગુજરાત અને ગુજરાતીઓને જે ગૌરવ અપાવ્યું છે તેનો હર્ષ વ્યક્ત કરતા સુનિતા અને સમગ્ર ટીમના સુસ્વાસ્થ્યની મંગલ કામનાઓ વ્યક્ત કરી હતી.

# ઇમ્પેક્ટ ગરવી તાકાત ના અહેવાલની ફરીવાર અસર

# 'ગરવી તાકાત' દૈનિકના અહેવાલ બાદ સરહદી વિસ્તારની કેનાલોમાં પાણી છોડાતા ખેડૂતોમાં આનંદ

(ગરવી તાકાત) સૂઈગામ તા.૧૯

સરહદી વિસ્તાર સૂઈગામ વાવ ભાભર તાલુકામાં આવેલ કેનાલમાં ૧૫ માર્ચ ના રોજ કેનાલમાં પાણી બંધ કર્યુ હતું અને ખેડૂતોની વેદના સમજીને ગરવી તાકાત એ અહેવાલ પ્રસિદ્ધ કર્યો હતો જેમાં સૂઈગામ તાલુકાના કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ રાજપૂત,અતુભા મલેકે મીડિયા સમક્ષ રજૂઆત કરીને રાજ્ય સરકાર નું દયાન દોર્યું હતું જેમાં કેનાલમાં પાણી ચાલુ કરવા માગી કરી હતી ત્યારે ગરવી તાકાત ના અહેવાલ બાદ અને ખેડૂતોના હિત રક્ષક વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી અને વાવના ધારાસભ્ય શ્રી સ્વરૂપજી ઠાકોરે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને મળીને વાવ થરાદ



નવ નિયુક્ત ધારાસભ્ય સ્વરૂપજી ઠાકોર પણ નિષ્ફળ ખેડૂતોની એક જ માંગણી છે કેનાલમાં પાણી છોડો

સૂઈગામ ભાભર ના ખેડૂતોની લાગણી સમજને કેનાલોમાં આજથી પાણી ચાલુ કર્યું છે ત્યારે સરહદી વિસ્તાર સૂઈગામ તાલુકાના ખેડૂતોએ ગરવી તાકાત દૈનિક અખબાર નો આભાર વ્યક્ત કર્યો હતો અને વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી નો સૌ ખેડૂતોએ વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.



(તસ્વીર-અહેવાલ : નવીન ચૌધરી, સુઇગામ)

Volume : 10 Issue : 346 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002